# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૨/૪/૨૦૧૯

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડાં)

---

# સાર્વજનિક એજયુકેશન સોસાયટીના ફેકલ્ટીઝ દ્વારા વિદ્યાર્થીઓને જુદી–જુદી સ્ટ્રીમ વિશે માર્ગદર્શન અપાયું

સુરત. ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ બાદ વિદ્યાર્થીઓની કારકિર્દી ઘડતર વિશેની મૂંઝવણોને દૂર કરવાના હેતુથી ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા સોમવારથી 'કેરીયર ગાઇડન્સ મહોત્સવ'નો શુભારંભ કરવામાં આવ્યો છે. મહોત્સવના બીજા દિવસે સાર્વજનિક એજયુકેશન સોસાયટીની સ્કૂલ અને કોલેજોના ફેકલ્ટીઝ દ્વારા વિદ્યાર્થીઓને જુદા–જુદા સ્ટ્રીમમાં કેરીયર બનાવવાની દિશામાં માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.

સર કે.પી. કોમર્સ કોલેજના પ્રોફેસર ડો. પૂર્વી કોઠારીએ વિદ્યાર્થીઓને બી.કોમ. રેગ્યુલર અને ઓનર્સ ડીગ્રી વિશે માહિતી આપી હતી. તેમણે જણાવ્યુ હતુ કે, બી.કોમ વીથ ઓનર્સ ડીગ્રી માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની વેબસાઇટ ઉપર ઓનલાઇન પ્રવેશફોર્મ ભરવાનો હોય છે અને ત્યારબાદ યુનિવર્સિટી સંલગ્ન જે કોલેજોમાં આ અભ્યાસક્રમ શીખવાડવામાં આવે છે એમાં પ્રવેશ મળે છે. જો કે, એના માટે વિદ્યાર્થીઓએ જે તે કોલેજ પસંદ કરવાની હોય છે. તેમણે બેચરલ બેંકીગ ઈન ઇન્સ્યોરન્સ, બેચરલ બિઝનેસ સ્ટડીઝ, એમ.કોમ. ઓનર્સ, લો, સીએ અને માસ્ટર ડીગ્રી બાદ નેટ અને સ્લેટની પરીક્ષા પાસ કરીને કોઇપણ કોલેજમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે જોડાઇને કારકિર્દી બનાવી શકાય તેમ જણાવ્યુ હતુ.

એસ.આર. લુથરા ઇન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટમાંથી આસિસ્ટન્ટ પ્રોફેસર ડો. પરીનાઝ ભરૂચા અને શ્રી રિદ્ધીશ જોષીએ કોઇપણ સ્ટ્રીમમાં સ્નાતક થયા બાદ એમબીએ કરીને કેરીયર બનાવવા વિશે માહિતી આપી હતી. નેટવર્કીંગ એન્ડ પર્સનાલિટી ડેવલપમેન્ટ માટે તેમજ સારી કારકિર્દીની તકો માટે મેનેજમેન્ટ એડમિનિસ્ટ્રેશનમાં

માસ્ટર ડીગ્રી મેળવી શકાય છે. તેમની કોલેજમાં વિદ્યાર્થીઓને ઇન્ટરવ્યૂ પ્રોસેસમાંથી પસાર કરવામાં આવે છે તથા ગૃપ ડિસ્કશન અને રેગ્યુલર પ્રેઝન્ટેશન સ્કીલ શીખવાડવામાં આવે છે. વિદ્યાર્થીઓને બે મહિના માટે વિદેશની યુનિવર્સિટીમાં શિક્ષણ આપવામાં આવે છે. તેમણે ક્રોસ સ્પેશ્યલાઇઝેશનની વાત કરતા જણાવ્યુ હતુ કે વિદ્યાર્થીઓ બીઇ બાદ પણ એમબીએ કરી શકે છે.

સાર્વજનિક કોલેજ ઓફ પરફોર્મિંગ આર્ટ્સમાંથી ડો. શીખા સામૈયાએ પરફોર્મિંગ આર્ટ્સ વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. જે વિદ્યાર્થીઓને કલાસિકલ ડાન્સીંગ, મ્યુઝીક અને સ્ક્રીપ્ટ રાઇટીંગમાં રસ હોય તેઓ ડયુલ ગ્રેજયુએશન કરી શકે છે. અન્ય કોલેજની સ્નાતક ડીગ્રીની સાથે બેચરલ ઓફ પરફોર્મિંગ આર્ટ્સની ડીગ્રી મેળવી શકાય છે. ધોરણ ૧૨ પાસ વિદ્યાર્થીઓ બીપીએ બાદ એમએપીએ કરી માસ્ટર ડીગ્રી હાંસલ કરી શકે છે. જે વિદ્યાર્થીએ પ્રથમા, મધ્યમા અને વિશારદ કરેલુ હોય તો મ્યુઝીક તથા ડાન્સમાં વિશારદને કન્સીડર કરી સ્નાતક બાદ બે વર્ષની અનુસ્નાતકની ડીગ્રી કરી શકે છે. પણ ડ્રામામાં સ્નાતકની ડીગ્રી બાદ બે વર્ષમાં માસ્ટર ડીગ્રી કરી શકે નહી. એના માટે સ્નાતકની ડીગ્રીની સાથે ડ્રામામાં પાંચ વર્ષનો અનુભવ પણ જોઈતો હોય છે.

શ્રી રામકૃષ્ણ ઇન્સ્ટીટયુટ ઓફ કોમ્પ્યુટર એજયુકેશન એન્ડ એપ્લાઇડ સાયન્સિસમાંથી આસિસ્ટન્ટ પ્રોફેસર ડો. તોરલ દેસાઇ અને ડો. ચાર્મી પટેલે ધોરણ ૧૨ બાદ કોમ્પ્યુટર સાયન્સ, માઇક્રોબાયોલોજી, બાયોટેકનોલોજી અને એન્વાયરમેન્ટ સાયન્સ જેવા કોર્સ વિશે સમજણ આપી હતી. તેમણે આ કોર્સ માટે સરકારની સ્કોલરશિપ વિશે પણ માહિતી આપી હતી.

સાર્વજનિક કોલેજ ઓફ એન્જીનિયરીંગ એન્ડ ટેકનોલોજીમાંથી પ્રોફેસર વિશાલ મશરૂવાલાએ આર્કીટેકચર અને ઇન્ટીરીયર ડિઝાઇનના કોર્સ વિશે માહિતી આપી હતી. આ ફિલ્ડમાં વિદ્યાર્થીઓને પુસ્તકીય જ્ઞાનને બદલે પોતાની જાતમાંથી જ નવી નવી વસ્તુઓ ક્રિએટ કરવાની હોય છે. માત્ર ડ્રોઈંગ આવડતુ હોય તો નહી ચાલે. એની સાથે સાથે વિદ્યાર્થીઓને નવુ ક્રિએશન વિચારવાનું હોય છે.

બીઆરસીએમ કોલેજ ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશનમાંથી ઇન્ચાર્જ ડિરેકટર ડો. જયેશ દેસાઇ અને આસિસ્ટન્ટ પ્રોફેસર શ્રી મૃણાલ જોષીએ બેચરલ ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન કોર્સ વિશે માહિતી આપી હતી.

આ સેમિનારમાં મેનેજિંગ કમિટીના સભ્ય શ્રી નિખિલ મદ્રાસી અને ચેમ્બરની એકેડેમિક કોર્સિસ એન્ડ લાયબ્રેરી કમિટીના ચેરમેન શ્રી અજિત શાહે પ્રાસંગિક વિધી કરી હતી. પ્રોફેસરોએ વિદ્યાર્થીઓ અને વાલીઓના સવાલોના સંતોષકારક જવાબ આપ્યા હતા અને ત્યારબાદ કેરીયર ગાઇડન્સ મહોત્સવના બીજા દિવસનું સમાપન થયુ હતુ.